# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

SGCCI

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/34 Dt. 16/07/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCI ના પ્રમુખ અશોક જીરાવાલાની 'ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન'ની સ્ટેટ એડવાઈઝરી કમિટીમાં સભ્ય તરીકે વરણી

## દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને સ્પર્ધાત્મક દરે વિશ્વસનીય વીજ પુરવઠો અપાવવા અને તેમના પ્રશ્નોને મજબૂત મંચ આપવા ચેમ્બર પ્રમુખ કટિબદ્ધ

સુરત, 16 જુલાઈ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાની ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (GERC)ની અત્યંત મહત્વની સ્ટેટ એડવાઈઝરી કમિટી (SAC)ના સભ્ય તરીકે સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે.

**ઇલેક્ટ્રિસિટી એક્ટ 2003 હેઠળ કમિટીની રચના:** નોંધનીય છે કે, સ્ટેટ એડવાઈઝરી કમિટીની સ્થાપના ઇલેક્ટ્રિસિટી એક્ટ 2003ની કાનૂની જોગવાઈઓ હેઠળ કરવામાં આવે છે. આ હાઇ-પાવર કમિટી ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનને વીજળી ક્ષેત્ર સાથે સંબંધિત વિવિધ વ્યાપક નીતિઓ અને નિયમનકારી મુદ્દાઓ અંગે મહત્વનું માર્ગદર્શન તેમજ વ્યૂહાત્મક સૂચનો આપે છે. આ કમિટીમાં ઉદ્યોગ, વેપાર, કૃષિ, ગ્રાહક સુરક્ષા હિત, વીજ વિતરણ કંપનીઓ, શિક્ષણ અને ઊર્જા સંશોધન ક્ષેત્ર સહિતના વિવિધ વિષયોના ટોચના નિષ્ણાતો અને પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

### યોગ્ય મંચ પર ઉદ્યોગોનો અવાજ બુલંદ કરીશ: અશોક જીરાવાલા

આ ગૌરવપૂર્ણ વરણી અંગે પોતાના પ્રતિભાવમાં SGCCIના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનની સ્ટેટ એડવાઈઝરી કમિટીમાં સભ્ય તરીકે સેવા આપવાની તક મળવી એ સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગત માટે સન્માનની વાત છે. દક્ષિણ ગુજરાતના વેપાર અને ઉદ્યોગ જગતને મૂંઝવતા વીજ કંપનીઓ સંબંધિત પ્રશ્નો તેમજ પાવર સેક્ટરના સુધારા માટેના સૂચનોને આ સર્વોચ્ચ મંચ પર અસરકારક રીતે રજૂ કરવાનો મારો મુખ્ય પ્રયાસ રહેશે. ટેક્સટાઇલ્સ, ડાયમંડ, કેમિકલ, એન્જિનિયરીંગ અને

MSME સેક્ટરના ઉદ્યોગોને ગુણવત્તાસભર, અવિરત અને સ્પર્ધાત્મક દરે વીજ પુરવઠો મળી રહે તેમજ રાજ્યના વીજ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે હું હકારાત્મક ભૂમિકા ભજવીશ."

શ્રી અશોક જીરાવાલાની આ નિમણૂકને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોએ આવકારી છે. આનાથી સ્થાનિક ઉત્પાદકો અને રાજ્યની નિયમનકારી સંસ્થા વચ્ચેનો સંવાદ વધુ પારદર્શક અને પરિણામલક્ષી બનશે તેવી અપેક્ષા છે. ચેમ્બર ઓફ કોમર્સ રાજ્યના વેપાર અને ઉદ્યોગોના સાતત્યપૂર્ણ વિકાસ, પ્રોત્સાહક ઔદ્યોગિક વાતાવરણ અને ઉદ્યોગમૈત્રી નીતિઓના અમલીકરણ માટે સરકાર તેમજ તમામ નિયમનકારી સત્તાવાળાઓ સાથે સતત સક્રિય સહયોગ આપતું રહેશે.